ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા: ૨૩/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર, શિહોર અને જેસર તાલુકાની શાળાઓમાં થયેલા વિવિધ કાર્યક્રમો

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સમગ્ર ભાવનગર જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તેમજ વિજ્ઞાન વિષયને સરળતાથી સમજી શકે તેવા હેતુથી વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુંસંધાને તા.૨૦, ૨૧ ઓકટોબર ના રોજ અનુક્રમે ભાવનગર તાલુકામાં શ્રી બુધેલ કન્યાશાળા, ખાતે યોજાયેલ તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં વિજ્ઞાનના સિધ્ધાંતોને સરળતાથી સમજાવતાં મોડેલ જેવા કે ચુંબકત્વનો નિયમ, ગુણક પ્રતિબિંબ, પ્રકાશનું પરાવર્તન તેમજ સૌર ઊર્જા ને લગતા વિવિધ મોડેલના પ્રદર્શન ગોઠવીને વિદ્યાર્થીઓને તેની પાછળ રહેલા સિધ્ધાંતો સમજાવેલ.

જેસર તાલુકામાં જેસર કન્યા શાળા–૧, અને જેસર કન્યા શાળા –૨, જેસર અને શિહોર તાલુકામાં ગુંદાળા પ્રાથમિક શાળા, ગુંદાળા તેમજ શ્રી ઢુંઢસર પ્રાથમિક શાળા, ઢુંઢસર ખાતે વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તે હેતુથી તેઓના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગોને નિદર્શન દ્વારા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોની સરળ તેમજ પ્રાયોગિક રજૂઆત **JOY OF SCIENCE** કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલ. સમાજમાં જોવા મળતી અંધશ્રધ્ધા બાબતે લોકોમાં જાગૃતિ આવે તે માટે અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ કરીને પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને તેની પાછળના વૈજ્ઞાનિક સાતત્યને સમજાવેલ.

ગુંદાળા પ્રાથમિક શાળા ખાતે બહ્માંડ દર્શન સ્લાઈડ શો કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓને ટેલિસ્કોપ શું છે ? તેની જાણકારી આપવામાં આવેલ. આ ઉપરાંત સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને વિવિધ ગ્રહો વિશે, સૂર્ય થી પૃથ્વી વચ્ચેનું અંતર તેમજ આકાશ ગંગા વિશેની પૂર્ણ માહિતી આપેલ.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. આ કાર્યક્રમનો કુલ મળીને ૧૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધેલ.

પ્રી.ત્રી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.